

ઉત્કલ દિવસ - ગાંધીનગર ઉડીયા સમાજ દ્વારા ઉત્કલ દિવસની ઉજવણી ભારે ઉલ્લાસપૂર્વક માહોલમાં કરાઈ હતી... ઓડીસી નૃત્ય દેશભરમાં આગવું સ્થાન ધરાવે છે ત્યારે ઉત્કલ દિવસની ઉજવણી નિમિત્તે ઉડીયા સમાજની બાળાઓએ વૈવિધ્ય શૈલીના નૃત્યો રજૂ કરી પ્રેક્ષકોના મન મોહી લીધા હતા... આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલા અને વરિષ્ઠ પૂર્વ સનદી અધિકારી એસ. કે. નંદા સહિત સમાજના હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉજવણીમાં જોડાયા હતા...

# જી-૨૦ સમિટને અનુલક્ષી ખોદકામ નહીં કરવા તંત્રને સૂચના

## સેક્ટરોમાં પાણી ગટરની લાઈન સહીત અનેકવિધ કામોને અનુલક્ષી સેક્ટરોમાં ઠેર ઠેર ખોદાણ થાય છે

ગાંધીનગર તા ૧

ગાંધીનગરમાં જી ૨૦ ના આયોજનને અનુલક્ષી સુશોભન અને સલામતી ના મુદ્દે વિશેષ ધ્યાન કેન્દ્રીત કરાયું છે જી ૨૦ સમિટ ના આયોજન દરમિયાન મુખ્ય માર્ગો અને જાહેર સ્થળોએ પાણી અને ગટરની લાઈન સહિત માળખાકીય સુવિધાના કામો માટે ખાડા નહીં ખોદવા માટે પણ સૂચના આપવામાં આવી છે સતત ખોદકામના લીધે સેક્ટરવાસીઓ ત્રસ્ત છે જયારે વિદેશી મહાનુભાવોના આગમનને ધ્યાને રાખી હાલ ગમે ત્યાં ખાડા નહીં કરવા પણ જણાવાયું છે

ગાંધીનગરમાં જી ૨૦ સમિટનું આયોજન એ ગર્વ લેવાની વાત છે. સ્વાભાવિક રીતે આ સમિટમાં ભાગ લેવા માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહાનુભાવો ગાંધીનગરના મહેમાન બન્યા છે જયારે સમિટનું આયોજન આમ તો મહાત્મા મંદિર પર કરવામાં આવે છે જયારે હાજરી આપતા મહાનુભાવોને ગુજરાતના વિકાસ અને સંસ્કૃતિની ઝલક આપવા માટે સમિટ સિવાયના સમય દરમિયાન ગિફ્ટ સિટી, અડાલજની વાવ સહિતના ગાંધીનગરના મહત્વના સ્થળોની મુલાકાત પણ કરાવવામાં આવે છે. આ સંજોગોમાં તેમને લઈ જતાં વાહનો કોઈપણ મુખ્ય માર્ગ પરથી પસાર થઈ શકે છે. નોંધવું રહેશે કે પાટનગરમાં મેટ્રો ટ્રેન દોડાવવા સંબંધે વિવિધ માર્ગ બંધ કરવાની સાથે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવેલી છે. બીજી બાજુ સ્માર્ટ સિટી પ્રોજેક્ટ અંતર્ગત ૨૪ કલાક પાણી માટેની યોજના માટે નવી પાઈપ લાઈન નાંખવાની અને તેવી જ રીતે ગંદા પાણીના નિકાલ માટે નવી ગટર લાઈન નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવતા રોજબરોજ અનેક ઠેકાણે ખાડા ટેકરા અસ્તિત્વમાં આવે છે

સેક્ટરોમાં આડેધડ ખોદકામથી સર્જાતી સમસ્યાથી રહીશો લાંબા સમયથી તોબા પોકારી ગયા છે જેના લીધે સેક્ટરોમાં પણ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવે છે પરંતુ આ ખાડા જી ૨૦ સમિટમાં આવેલા મહાનુભાવો માટે નડતર બને નહીં તેવી વ્યવસ્થા તો ગોઠવી જ શકાય તેમ છે. આ મામલે સંબંધિત તમામ વિભાગો ખાસ કરીને પાણી પુરવઠા બોર્ડ અને પાટનગર યોજના વિભાગને જી ૨૦ સમિટની પુર્ણાહુતી સુધી શહેરમાં કોઈપણ જગ્યાએ ખોદકામ અલબત્ત ખાડા નહીં કરવા પણ ઉચ્ચ કક્ષાએ થી સૂચના આપવામાં આવી છે

# ગુજકેટની પરીક્ષા જિલ્લામાંથી ૫૭૨૦ વિદ્યાર્થીઓ આપશે

## જિલ્લાના ૨૪ બિલ્ડીંગમાં ૨૮૬ બ્લોકમાં બેઠક વ્યવસ્થાનુ આયોજન : પરીક્ષા દરમિયાન કોઇપણ પ્રકારની ગરેરતી ન થાય તે માટે ૨૪ સેન્ટરો પર ઓબર્ઝવરની નિમણુંક

ગાંધીનગર તા ૧

ધો -૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષા પુર્ણ થયા બાદ હાલ વિદ્યાર્થીઓ પરીક્ષાના ભારથી હળવા બન્યા છે. જો કે હજુ ગુજકેટની પરીક્ષા બાકી હોવાથી એકાદ દિવસથી પરીક્ષાર્થીઓ ફરી તૈયારીમાં લાગી ગયા છે. આગામી તા ૩ એપ્રિલના રોજ લેવાનારી ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણતંત્રએ જરૂરી તમામ તૈયારીઓ કરી દીધી છે. જિલ્લામાંથી ૫૭૨૦ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષામાં હાજરી આપશે જયારે આ માટે ૨૪ બિલ્ડીંગમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન પરીક્ષા યોજાશે જેમાં વિદ્યાર્થીઓ ભૌતિક વિજ્ઞાન , રસાયણ વિજ્ઞાન અને બાયોલોજી વિષયની પરીક્ષા આપશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત તા ૧૪ માર્ચથી ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓની બોર્ડ પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ બોર્ડની પરીક્ષા શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. જયારે પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ પણ નોંધાયો નથી. બોર્ડ પરીક્ષાના અંતે વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ હાંશકારો પ્રવર્તયો છે. બોર્ડની પરીક્ષા દરમિયાન માંડ એકાદ પેપર વિદ્યાર્થીઓ માટે અઘરા પુરવાર થયા હતા. પ્રશ્નપત્રો પણ મોટાભાગના પાઠયપુસ્તક આધારિત અને સરળ રહેતા વિદ્યાર્થીઓની ચિંતા હળવી થઈ છે. જયારે હવે તા ૩ એપ્રિલના રોજ સવારે ૧૦ થી ૪ કલાક દરમિયાન ગુજકેટની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે.

જિલ્લામાંથી ૫૭૨૦ વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષા આપશે જયારે આ પરીક્ષાને અનુલક્ષી કુલ ૨૪ બિલ્ડીંગમાં ૨૮૬ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જયારે પરીક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે સી સી કેમેરાની વોચ પણ રહેશે આ ઉપરાંત બોર્ડની પરીક્ષાની જેમ ગુજકેટની પરીક્ષાને અનુલક્ષીને પણ વર્ગ - ૧ અને ૨ ના અધિકારીઓની ઓબર્ઝવર તરીકે નિમણુંક કરવામાં આવી છે. જિલ્લામાં પરીક્ષા દરમિયાન સંપુર્ણ પારદર્શકતા અને શાંતિ જળવાઈ રહે તે મુજબ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા કેન્દ્રો પર જરૂરી તમામ પરિબળોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્યમાં કોરોનાના નવા પાંચ અને શહેરમાં ૩ કેસ નોંધાયા

## ગાંધીનગર ગ્રામ્યમાં ૫ કેસ નોંધાયા : જેમાં ત્રણ મહિલા દર્દીઓ, શહેરમાં 3 નવા કેસ, સરગાસણ, કુડાસણ અને સે. ૨૬માંથી મળ્યા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના નવા ૩ કેસ અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૫ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ છે જો કે નવા કેસો સતત છેલ્લા સપ્તાહથી ૮ થી ૧૦ જેટલા મળી રહ્યા છે.

જે રીતે કોરોનાના કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. લોકો કેવી રીતે સંક્રમિત થયા છે તેના ચોક્કસ કારણો શોધવામાં તંત્ર નિષ્ફળ રહ્યુ છે. હવામાનમાં સતત બદલાવના કારણો પૈકીનું એક કારણ હોવાનું પણ તબીબોમાં હવે ચર્ચાવા લાગ્યુ છે.

શહેર-જિલ્લામાં અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી ઝડપથી કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામેલ છે. છુટા છવાયા વિસ્તારોમાંથી કેસો મળી રહ્યા છે અને પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. હોસ્પિટલાઈઝેશન રેટ ૧ ટકા જેટલો પણ નહિ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના આજે પાંચ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા પાંચ કેસમાં ત્રણ મહિલા દર્દીનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા પાંચેય કેસ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે. ગાંધીનગર તાલુકો અગાઉની લ્હેરમાં પણ સંવેદનશીલ બની ઉભરી આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં સૌથી વધુ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે.

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે આવેલ ભિક્ષુક ગૃહમાં આજે ૩૮ વર્ષીય મહિલા તેમજ ૪૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત મિલિટ્રી સ્ટેશનમાં ૩૯ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

નવા પાલજ ગામેથી ૨૮ વર્ષીય યુવાનનો તેમજ અડાલજ ગામેથી ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નોંધાયેલા કેસોની સંખ્યા ૫૫ને પાર થઈ છે. આજે નોંધાયેલ તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લામાં સર્વેલન્સ વધારવા તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે અને આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટે તંત્રએ સૂચનો આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં એક મહિલા દર્દી સહિત બે સિનીયર સિટીઝન્સનો સમાવેશ થાય છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી બે અને સેક્ટરમાંથી એક કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી નહિ ધરાવતો હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૯મી એપ્રિલે યોજાનાર પરીક્ષાની તૈયારીમાં તંત્ર ગળાડૂબ બન્યુ

## જિલ્લામાં ૩૮,૪૦૦ પરીક્ષાર્થી માટે ૧૨૧ કેન્દ્રોના ૧૨૪૭ બ્લોક નિયત કરાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આગામી ૯મી એપ્રિલના રોજ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ક્લાર્ક સંવર્ગની પરીક્ષાઓ અંગે તડામાર તૈયારીઓ તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.

જિલ્લામાં ૧૨૧ કેન્દ્રોના ૧૨૪૭ બ્લોક્સમાં આ પરીક્ષા યોજવામાં આવશે. આ પરીક્ષા માટે ગાંધીનગર તાલુકામાં ૮૨, કલોલ-માણસામાં ૧૪-૧૪ તેમજ દહેગામમાં ૧૦ સંકુલો નિયત કરવામાં આવ્યા છે.

જિલ્લામાં યોજાનાર આ પરીક્ષામાં ૩૮,૪૦૦ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે. પરીક્ષામાં ગેરરીતિને રોકવા માટે દરેક કેન્દ્રમાં બોર્ડના પ્રતિનિધિ તૈનાત રહેશે તેમજ ૧૮ જેટલી ફ્લાઈંગ સ્કવોડ બનાવવામાં આવી છે.

આ પરીક્ષા કેન્દ્ર પર પ્રશ્નપત્રો-ઉત્તરવહી પહોંચાડવા માટે ૩૭ રૂટ નિયત કરવામાં આવ્યા છે. પરીક્ષા કેન્દ્ર માટે નિયત કરાયેલ રૂટમાં એક સુપરવાઈઝર અને મદદનીશ સુપરવાઈઝર તેમજ પોલીસ કર્મચારી રહેશે.

આ પરીક્ષા માટે ખાસ સ્ટ્રોંગરૂમ પણ બનાવવામાં આવ્યો છે. પરીક્ષાર્થીને તકલીફ ના પડે તે માટે આગામી દિવસોમાં ખાસ હેલ્પલાઈન પણ શરૂ કરાશે તેમજ એક અલાયદો કંટ્રોલરૂમ પણ ઉભો કરવામાં આવનાર છે.

આ પરીક્ષાની કામગીરી માટે કર્મચારીઓને તાલિમબદ્ધ કરી દેવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ઉપરાંત કર્મચારીઓને પરીક્ષાલક્ષી વિવિધ કામગીરી સંદર્ભે હુકમોની બજવણી પણ કરી દેવામાં આવી છે. પરીક્ષા કેન્દ્ર ખાતે પણ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે. પરીક્ષા કેન્દ્રો સી.સી.ટી.વી. કેમેરાથી સજ્જ છે અને સી.સી.ટી.વી. દ્વારા પણ મોનીટરીંગ કરવામાં આવશે.

# કુપોષણમુક્તિના સઘન અભિયાનનો છાલા ખાતેથી આરંભ કરાવતા ડી.ડી.ઓ.



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજથી કુપોષણમુક્તિના સઘન અભિયાનનો જિલ્લા વિકાસ અધિકારી સુરભિગૌત્તમે આરંભ કરાવ્યો છે. આજે એક જ દિવસમાં જિલ્લાના ૮૦ થી વધુ બાળકોને સીએમટીસી સેન્ટરમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે.

આજે છાલા ખાતે યોજાયેલ સાદા સમારોહમાં જિલ્લા વિકાસ અધિકારીએ આ સઘન અભિયાનનો આરંભ કરાવ્યો હતો. તેમણે આજે આ બાળકોની માતા સાથે સંવાદ પણ કર્યો હતો તેમજ તેમના કાઉન્સીલીંગ માટે અધિકારીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.

ગાંધીનગર જિલ્લો કુપોષણ મુક્ત બને અને તમામ બાળકો અને માતાઓ સુપોષિત થાય તેવા ઉમદા હેતુસર જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગાંધીનગર જિલ્લાના ચાર સીએમટીસી, એનઆરસી સેન્ટરોમાં વધુમાં વધુ બાળકો એડમિટ કરાવવા માટેના પ્રોજેક્ટનો જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સીએચસી છાલા ખાતેના સીએમટીસી ખાતેથી શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, પ્રોજેક્ટ ઓફિસર આઈસીડીએસ છાલા સીએચસી સુપ્રિટેન્ડન્ટ, તાલુકા આરોગ્ય અધિકારી ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સીએમટીસીમાં એડમિટ થતા બાળકોને અપાતા પોષણયુક્ત આહારમાં આયુર્વેદને પણ સામેલ કરી બાળકો અને માતાઓને વધુમાં વધુ પોષક તત્વો મળી રહે અને બાળક કુપોષણમાંથી સુપોષિત બને તેવો ભગીરથ પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ

● અનુસંધાન પાન-૭ પર

# મેયર કપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાંથી ગાંધીનગર બહાર ફેંકાયુ

## મેયર ઈલેવન અને કમિશનર ઈલેવનનો ઘોર પરાજય

ગાંધીનગર, તા. ૧

વડોદરા ખાતે આજથી શરૂ થયેલ મેયર કપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ગાંધીનગર કમિશનર અને મેયર ઈલેવનનો રાજકોટ મનપાની ટીમો સામે કારમો પરાજય થયો છે.

આજે સવારે કમિશનરની ટીમ માત્ર ૮૯ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. ટીમે પ્રથમ બેટીંગ સ્વીકારી હતી. એક પણ બેટ્સમેન પરફોર્મન્સ બતાવવામાં સફળ રહ્યો ન હતો. રાજકોટ કમિશનરની ટીમે આ વિજય સરળતાથી હાંસલ કર્યો હતો.

બપોર પછી મેયર ઈલેવનની મેચ યોજાઈ હતી. રાજકોટ મેયર ઈલેવને ટોસ જીતી અને બેટીંગ કરવાનો નિર્ણય લીધો હતો. રાજકોટ મેયર ઈલેવને ૨૫૩ રનનો વિશાળ સ્કોર ઉભો કરી દીધો હતો.

આ પછી અન્ડરપ્રેસર રમવા આવેલ ગાંધીનગર મેયર ઈલેવન માત્ર ૯૬ રનના સ્કોર પર આઉટ થઈ ગઈ હતી. ગાંધીનગર મેયર ઈલેવનમાંથી અંકિત બારોટે ૨૧, ડૉ. સંકેત પંચાસરાએ ૧૪ રન તેમજ પદમસિંહ ચૌહાણે ૧૦ રન નોંધાવ્યા હતા બાકીના બેટ્સમેનો સિંગલ ડિજીટમાં જ આઉટ થઈ ગયા હતા.



મેટ્રો ટ્રેનની કામગીરીને ઝડપી બનાવવામાં આવી છે. આગામી વાઈબ્રન્ટ સમિટ પહેલા મેટ્રોનું કામ પૂર્ણ કરવાનુ લક્ષ્ય હોઈ દિવસ-રાત નોનસ્ટોપ કામગીરી ચાલી રહી છે. કામગીરીની ઝડપ જોતા હવે ટૂંક સમયમાં આપણે મેટ્રોની સવારી માણી શકીશુ તેમાં કોઈ બેમત નથી.

# એપ્રિલ અને મેં મહિનામાં આંધી વંટોળ અને વરસાદ સાથે આકરી ગરમી પણ પડશે

## ગરમીનો પારો ૪૨ ડીગ્રીને પાર થશે : જયારે ૨૬ એપ્રિલ બાદ મેં મહીનામાં પણ ગરમીનો પારો ૪૪ થી ૪૬ ડીગ્રી સુધી જવાની સંભાવના : અંબાલાલ પટેલ : આગામી તા ૧૭ જુન આસપાસ ચોમાસુ શરૂ થશે : આફ્રિકા ખંડની ઉત્તરે ભુમધ્ય સાગરમાં વંટોળ ઉભુ થવાના લીધે હિમાલચલ થી ગુજરાત સુધી હવામાનમાં અસર વર્તાઇ રહી છે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર સહીત ગુજરાતના વિવિધ ભાગોમા હજુ પણ માવઠાની અસર વર્તાઈ રહી છે. કમોસમી વરસાદના લીધે આકરા ઉનાળે પણ નગરજનો ચોમાસા જેવા અહેસાસ કરી રહ્યા છે. જયારે આગામી એપ્રિલ અને મેં મહીનામા પણ આંધ વંટોળ સાથે કમોસમી વરસાદ આવશે તેમ હવામાન નિષ્ણાંતો જણાંવી રહ્યા છે. આગામી તા ૬ એપ્રલથી વરસાદ અને તા ૧૫ એપ્રિલથી ગરમીનો પારો ૪૨ ડીગ્રી પાર જશે જયારે એપ્રિલના અંતિમ દિવસો અને મેં મહીનામાં પણ વરસાદી વાયરા સાથે ગરમીનો પારો ૪૪ થી ૪૬ ડીગ્રી આસપાસ જવાની સંભાવના છે. જયારે વિધિવત ચોમાસાની શરૂઆત ૧૭ જુન આસપાસ થશે.

એપ્રિલ મહીનાના આગામી દિવસો અંગે જોઈએ તો આંધી વંટોળ સાથે ગુજરાતના વિવિધ ભાગોમાં વરસાદ થવાની સંભાવના રહેશે. સાથે સાથે ગરમી પડવાની પણ સંભાવના છે. રાજસ્થાન અને ગુજરાતના વિવિધ વિસ્તારમાં હીટવેવ રહેશે. આમછતા ઉષ્ણતામાનમાં આંધી વંટોળ અને કમોસમી વરસાદના લીધે વટઘટ થઈ શકે. ગરમીના પારામાં ચઢ ઉતર જોવા મળશે જયારે આગામી તા ૩ એપ્રિલથી ગુજરાતના પશ્ચિમ ભાગોમાં આકાશમાં વાદળો ગોરંભવાની સંભાવના છે. તા ૬ થી ૧૦ એપ્રિલ દરમિયાન ગુજરાત સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં આંધી વંટોળ સાથે વરસાદની શકયતા છે. આગામી તા ૧૫ એપ્રિલ સુધીમાં કચ્છના વિસ્તારમાં અરવલ્લીના ભાગો સાબરકાંઠા બનાસકાંઠાના ભાગો પુર્વ ગુજરાતના ભાગો મધ્ય ગુજરાતના ભાગો તેમજ ઉત્તર સૌરાષ્ટ્રના ભાગો દરિયાકીનારાના તેમજ દક્ષિણ ગુજરાતના જુદા જુદા વિસ્તારમાં કમોસમની વરસાદની સંભાવના રહે.

આ દરમિયાન અમદાવાદ ગાંધીનગરનુ હવામાન પણ પલ્ટો આવી શકે તા ૭ એપ્રિલથી ગરમીમાં વધારો થશે. જયારે તા ૧૫ એપ્રલ સુધીમાં મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી ઉપર જતુ રહે તેવી પણ સંભાવના છે. રાજયમાં એપ્રિલ થી જુન દરમિયાન હીટવેવની પણ સંભાવના છે. તા ૨૩ એપ્રિલથી ૩૦ એપ્રિલ દરમિયાન પણ આંધી વંટોળ સાથે જુદા જુદા વિસ્તારમાં કમોસમી વરસાદ પડવાની સંભાવના છે. જયારે કોઈક વિસ્તારમાં કરા પણ પડશે.

જયારે તા ૨ મેં થી પણ હવામાનમાં પલ્ટો જોવા મળશે. તા ૧૫ મેં સુધી આંધી વંટોળનુ પ્રમાણ વધુ રહેશે. જયારે આ દરમિયાન પણ વરસાદ થવાની સંભાવના છે. બંગાળના ઉપસાગરમાં હવાના હળવા દબાણો ઉભા થવાની સંભાવના છે. ચૈત્ર સુદ પાંચમની ગાડલી જોતા ચંદ્ર સમી સાંજે રોહીણી નક્ષત્રની ઉત્તરે હતો એટલે વર્ષ સમધારણ રહે. સામાન્ય રીતે ૯૪ ટકા આસપાસ વરસાદ થવાની સંભાવના છે. હવામાનમાં વારંવાર પલ્ટો જોવા મળે છે.

જયારે તા ૨૬ એપ્રિલ બાદ રાજયમાં મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીથી વધુ થવાની સંભાવના છે. જયારે મેં મહીનામાં ૪૬ ડીગ્રી સુધી ગરમી પડવાની સંભાવના છે. આફ્રિકા ખંડની ઉત્તરે ભુમધ્ય સાગરમાં વંટોળ ઉભુ થવાથી હિમાચલથી ગુજરાત સુધીમાં તેની ઘાતક અસરો અનુભવાશે જેના લીધે વાતાવરણ પલ્ટાની અસર જોવા મળશે. ચોમાસાનો વરસાદ તા ૭ મી જુન આસપાસ પવનો બદલતા કેટલાક ભાગમાં સામાન્ય વરસાદ થઈ શકે. પરંતુ વિધિવત વરસાદ ૧૭ જુનની આસપાસ શરૂ થશે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
Pidilite Roff TILE & STONE FIXING EXPERT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. : (ઓ) ૯૬૮૭૬ ૨૭૦૦૮
શાખા :
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૪૩૨૧૮૬, ૯૦૯૯૯૬૨૯૪૬
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com